| | |
|---|---|
| આંક | ૧૪ |
| દાખલ થયા તા. | ૨૮/૦૧/૨૦૧૯ |
| રજુ કર્યા તા. | ૨૮/૦૧/૨૦૧૯ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૮/૨૦૨૧ |
| સમય મર્યાદા | વર્ષ- માસ- દિવસ- |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. ૧૧, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. :-૮૫૯૦/૨૦૧૯**

ફરીયાદી:- શ્રી સ ર કા ર

વિરુધ્ધ.

આરોપીઓ:- (૧) રાકેશ કનુભાઈ વાઘેલા. ઉ.વ.૩૧.

(૨) કનુભાઈ સોમાભાઈ વાઘેલા. ઉ.વ.પર.

(૩) કસ્તુરબેન વા/ઓ કનુભાઈ વાઘેલા. ઉ.વ.પર.

(૪) કલ્પનાબેન ડો/ઓ કનુભાઈ વાઘેલા. ઉ.વ.૨૬.

રહે:-સર્વે:ઘ.નં.૧૭, વાલભાનગર, પોસ્ટ ઓફીસની સામે, અમરાઈવાડી, અમદાવાદ.

(૫) રેખાબેન વા/ઓ રાહુલકુમાર વસઈકર. ઉ.વ.૨૮.

રહે:-કે.જી.કડિયાની ચાલી, બળિયાલીમડી, સિવિલ હોસ્પિ. પાસે, અમદાવાદ.

**ગુન્હો:-ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી વાય.કે.વ્યાસ.**

**આરોપીઓ તરફે : વિ. વ. શ્રી એ.વી.પટેલ.**

# –// ચુ કા દો //–

(૧) આ કામના ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદીના લગ્ન તા.૦૫/૦૨/૧૮ ના રોજ થયાથી સદર ફરીયાદ દાખલ કર્યા સુધી ફરીયાદીની સાસરીમાં ફરીયાદી સાથે ઘરકામની નાની નાની બાબતોમાં મ્હેણાં ટોણાં મારી, માનસિક ત્રાસ આપી તથા તા.૧૯/૦૭/૧૮ ના રોજ ફરીયાદીના પતિ તથા સાસુ, સસરા તથા નણંદ નાઓએ ભેગા મળી ફરીયાદીને બિભત્સ ગંદી ગાળો બોલી તેમજ ફરીયાદીના પિતા તથા મોટાભાઈ નાઓને ગંદી ગાળો બોલી ગુન્હો કરવા બાબતે અંગેની ફરીયાદીએ ધી ઈ.પી.કો. કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબની મહિલા પોલીસ સ્ટેશન (પૂર્વ) માં તા.૨૯/૧૦/ ૨૦૧૮ ના રોજ ફરીયાદ કરતાં પોલીસે ફર્સ્ટ ગુના રજી.નં. ૬૧/૨૦૧૮ થી ગુનો રજીર્સ્ટડ કરેલ અને આગળની તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ અન્વયે હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સની બજવણી થતાં વકીલશ્રી મારફતે આરોપી હાજર થયા હતાં. તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ ની જોગવાઈઓ ને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની મારા પૂરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ઘ્વારા ખાત્રી કરી પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીઓની સામે આક્ષેપિત ગુનાનું તહોમતનામું આંક–૦૪ થી મારા પૂરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ઘ્વારા ફરમાવી વાંચી સમજાવી તેમની પ્લી આંક–૦૫ થી ૦૯ સુધીની રેકર્ડ કરતાં ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો શરુ થતા પહેલા પક્ષકારોએ તેઓની વચ્ચે ઘરમેળે સમાધાન થતા આ કામના આરોપી તરફે તેમના વિ.વ.શ્રી ઘ્વારા કામ બોર્ડ ઉપર લેવાની અરજી આપતાં તે મંજુર કરી ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૧૧ | મનીષા જયંતિભાઈ મહેરીયાની જુબાની. | ફરીયાદી |

**–: ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ફરીયાદ. |

(૫) ફરીયાદીને સમાધાન થયેલ હોઈ, વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી લેખિત પુરાવા બંધની પુરશીશ આંક–૧૩ થી રજુ કરતાં ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેતા તેઓએ ફરીયાદપક્ષના પુરાવા નો ઈન્કાર કરેલ છે અને તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં તેઓની સામે ખોટી ફરીયાદ કરી ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની દલીલ પર રાખવામાં આવેલ છે.

(૭) ત્યાર બાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ.વકલશ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

(૮) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદીના લગ્ન તા.૦૫/૦૨/૧૮ ના રોજ થયાથી સદર ફરીયાદ દાખલ કર્યા સુધી ફરીયાદીની સાસરીમાં ફરીયાદી સાથે ઘરકામની નાની નાની બાબતોમાં મ્હેણાં ટોણાં મારી, માનસિક ત્રાસ આપી તથા તા.૧૯/૦૭/૧૮ ના રોજ ફરીયાદીના પતિ તથા સાસુ, સસરા તથા નણંદ નાઓએ ભેગા મળી ફરીયાદીને બિભત્સ ગંદી ગાળો બોલી તેમજ ફરીયાદીના પિતા તથા મોટાભાઈ નાઓને ગંદી ગાળો બોલી ગુનો કરી ઈ.પી.કો. કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–//કા ર ણો//–**

**(૧૦) <u>મુદ્દા નં –૧ ની ચર્ચા</u> :–**

આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે. ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ અને ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના

સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

આ કામે જયારે હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક) મુજબના ગુન્હાના આક્ષેપ છે, ત્યાર ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો મહત્વનો ગુન્હો સાબીત કરવા નીચે મુજબના તત્વો સાબિત કરવાના રહે છે.

**<u>–: કલમ–૪૯૮(એ):–</u>**

૧. ભોગ બનનાર સ્ત્રી પરિણીત હતી.

૨. આવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવી હતી.

૩. આરોપીઓએ એવું ઈરાદાપૂર્વકનું વર્તન કરવામાં આવ્યું હતું કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડેલ અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસિક અથવા શારિરીક જોખમોમાં મુકવા પ્રેરાય અથવા

૪. સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઈ મિલ્કત કે કિંમતી જામીનગીરી માટેની ગેરકાનૂની માંગણી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવતો હોય.

૫. આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિના સગાઓ ધ્વારા આપવામાં આવ્યો હોય.

➔ આ તબકકે કાદાકીય જોગવાઈ, સાથે સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટેએ '' ક્રુરતા '' એટલે શું અથવા કેવા પ્રકારતી ક્રુરતા હોવી જોઈએ. આ સંદર્ભે નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

**Indrasing M Roal V / S State of Gujarat 1999 {2} G. L. H 596,**

held :- explained the concept of cruelty within themeaning of the definition as provided under sec. 498A of I. P. C. The ratio of this decision is that every act of cruelty or harassment is not made a crime under Sec. 498A. The prosecution has to establish that the cruelty or harassment was unabated, incessant and persistent and being grave in nature unbearable and the same was with the intention to force the woman to commit suicide or to fulfill illegal demand or

dowry of the husband or her in-laws. As held by this Court,Sec. 498A will not come into play in every case of harassment and/or cruelty. Reasonable nexus between cruelty and suicide must be established. It should, therefore, be shown that the incessant harassment or cruelty was with a view to force the wife to end her life or fulfill illegal demands of her husband or in-laws, and was not matrimonial cruelty, namely, usual wear and tear of matrimonial life. { para 17 }

**(૧૦.૧)** હવે, આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૧૧ થી મુળ ફરીયાદી મનીષા જયંતિભાઈ મહેરીયાને સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તેણીના લગ્ન તા.૦૫/૦૨/૧૮ ના રોજ આરોપી કનુભાઈ વાઘેલા સાથે સમાજના રીતરીવાજ મુજબ થયેલા અને અન્ય આરોપીઓ તેણીના સાસરીયા વાળા થાય છે. લગ્ન બાદ તેણી, તેણીની સાસરીમાં રહેવા ગયેલી. આરોપીઓ તેણીને ઘરકામ બાબતે અવાર નવાર સામાન્ય બોલાચાલી કરતા હતા જેથી તેણીએ ફરીયાદ કરેલી. આ સિવાય બીજુ કશું બનેલ નહીં. ફરીયાદમાં તેણીની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આ કામે આંક-૧૨ થી રજુ રાખેલ છે. આમ, આ ફરીયાદી સાહેદ તેમની ફરીયાદને સમર્થન નહીં આપતા તેણીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ ની જોગવાઈ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેઓ તેમની ફરીયાદ હકીકતને સમર્થન આપતાં નથી અને આરોપીઓ સાથે સમજુતી થઈ ગયેલ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે. જયારે આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીએ તેણીને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલ નથી કે ગાળો આપેલ નથી કે કોઈ દહેજની માંગણી કરેલી નથી. તેમજ તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે આંક-૧૨ વાળી ફરીયાદ તેણીએ વાંચેલ નથી કે તેણીએ તેવી કોઈ હકીકત લખાવેલી નથી. તેમજ તેણીએ આવેશમાં આવી જઈ આંક-૧૨ વાળી

ફરીયાદ આપેલી અને બનાવ વિશેના બનાવો તેણીએ લખાવેલા નથી. તેમજ તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણી તેમજ તેણીના પતિ વચ્ચે છુટાછેડા થઈ ગયેલા છે અને સમાધાન થઈ ગયેલ છે. તેમજ તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેણીને કોઈ માર મારેલ હોય કે બિભત્સ ગાળો આપેલી હોય કે દહેજની કોઈ માંગણી કરેલી હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

આમ, આ ફરીયાદીની સમગ્ર જુબાની અને પોલીસ સમક્ષની તેમની લેખિત ફરીયાદની હકીકત સાથે મુલ્યાંકન કરતાં તેઓએ વિરોધાભાસી પુરાવો આપેલ છે અને તેણીને આરોપીઓએ માર મારેલ હોય, બિભત્સ ગાળો આપેલી હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી હોય તેવું તેમના પુરાવાથી પુરવાર થતું નથી. જેથી આ ફરીયાદીના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, આ ફરીયાદી સાહેદ મનીષાબેનની જુબાનીથી એ હકીકત સ્પષ્ટ ફલીત થાય છે કે, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયું છે અને ફરીયાદીના આરોપી એટલે કે તેણીના પતિ વચ્ચે છુટાછેડા થઈ ગયેલા છે. તેમજ સદર કેસનું રેકર્ડ વંચાણે લેતા અને રજુ પુરાવાથી ફરીયાદીને આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજું કાંઈ બનેલ નથી અને આરોપીએ કોઈ માર મારેલ નથી, બિભત્સ ગાળો બોલેલ નથી કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી કે આરોપી ધ્વારા કોઈ શારીરીક કે માનસિક ત્રાસ આપવામાં આવેલ નથી. ફરીયાદીની આરોપી તરફેની ઉલટ તપાસની હકીકતે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેવું રેકર્ડથી ફલીત થતું હોય અને ફરીયાદી અને આરોપી તેણીના પતિ વચ્ચે છુટાછેડાનો લેખ થયેલ હોય અને હવે ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ તકરાર રહેતી નથી તેવા સંજોગોમાં રજુ પુરાવાથી આરોપી સામેના આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી કલોઝીંગ પુરશીશ આપીને તેઓએ ઘરમેળે સમજુતી થઈ ગયેલ હોય વધુ કોઈ સાક્ષીઓ તપાસવા નથી તેવું જાહેર કરેલ છે. તે હકીકત ધ્યાને લેતાં નામ.સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં.૧૯૬૯ માં ઠરાવ્યા મુજબ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર પૂર્ણ થઈ ગયેલ હોય, ત્યારે કેસમાં સમાધાન સ્વીકારવું જોઈએ અને સમાધાનને કારણે

બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ. અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સંજોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનું યોગ્ય જણાતું નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાથી આરોપીઓને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેમ નથી તેમ મારું માનવું છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ **''નકાર''** માં આપી, મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –// હુ ક મ //–

આ કામે મહિલા પો.સ્ટે. (પૂર્વ) ના ફર્સ્ટ ગુ.રજી.નં. ૬૧/૨૦૧૮ ના કામે આરોપીઓ (૧) રાકેશ કનુભાઈ વાઘેલા (૨) કનુભાઈ સોમાભાઈ વાઘેલા (૩) કસ્તુરબેન વા/ઓ કનુભાઈ વાઘેલા (૪) કલ્પનાબેન ડો/ઓ કનુભાઈ વાઘેલા (૫) રેખાબેન વા/ઓ રાહુલકુમાર વસઈકર નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(ક), ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાતા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓએ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ સુધી જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ જામીન રદ્દ થયેલ ગણાશે.

હુકમ આજ રોજ તા. ૨૬ મી માહે–ઓગષ્ટ સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૬/૦૮/૨૦૨૧
સ્થળઃ–અમદાવાદ.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ.
UNIQUE CODE GJ-00983

#VBVALA#